**મે.સુરતના બીજી મજુર અદાલતના એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રીટ**
**શ્રી.એચ.કે.મેરીયા સાહેબની કોર્ટમાં**

**ફોજદારી કેસ નં.૧૦૪૧/૨૦૨૫**

**આંક–૧૫**

**ફરીયાદી–** **સરકાર પક્ષે શ્રી.આર.એસ.ગામીત,નિરીક્ષક,સુરત.**

**વિરુઘ્ધ**

**આરોપી–(૧) શ્રી સચ્ચિદાનંદ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.–સંસ્થા**
પ્લોટ નં.એ–૫ થી એ–૯,ગુજરાત ઈકો ટેકસટાઈલ પાર્ક,
પલસાણા ક્રોસિંગ નજીક,પલસાણા,સુરત

**(૨) શ્રી રાધેશ્યામ રાજારામ જાજુ–ડિરેકટર**
**C/o,શ્રી સચ્ચિદાનંદ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.–સંસ્થા**
પ્લોટ નં.એ–૫ થી એ–૯,ગુજરાત ઈકો ટેકસટાઈલ પાર્ક,
પલસાણા ક્રોસિંગ નજીક,પલસાણા,સુરત

**ગુનોઃ બોનસ ચુકવણી અધિનિયમ,૧૯૬૫ ની કલમ–૨૭(૪) ના ભંગ બદલ**

**– ચુકાદો –**

ઉપરોકત જણાવેલ આરોપીઓ સામે ફરીયાદીશ્રી,સુરતનાએ ઉપર જણાવ્યા મુજબના ગુન્હા માટે ફરીયાદ નોંધવી છે.ત્યારબાદ આરોપીઓના સદરહું ગુન્હા માટે સમન્સ કાઢતા નામદાર કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને ફરીયાદની નકલ આપી.તેઓને ફરીયાદમાં જણાવેલ તહોમત મારી રૂબરૂ વાંચી સંભળાવી સમજાવતા તેઓએ તેમની સામે ગુન્હા અંગે સ્વૈચ્છિક કબુલાતનું લેખિત નિવેદન કરેલ છે જે આંક–૧૧,આંક–૧૨ થી રજુ કરેલ છે તેમજ આંક–૧૩,આંક–૧૪ થી સ્વૈચ્છિક કબુલાત પુરસીસ આપી માત્ર દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

આરોપીઓએ પ્રથમ તબકકે સ્વેચ્છાએ કબુલાત કરી હોય તેમની કબુલાત સ્વીકારી તેઓને ઉકત નિયમના ભંગ બદલ અધિનિયમની કલમ–૨૮ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હામાં તકસીવાર ઠરે છે.આરોપીઓ સામે આક્ષેપીત ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા,સજાનું પ્રમાણ,આરોપીઓની સામાજીક આર્થિક જવાબદારી, આરોપીઓનો પૂર્વો ઈતિહાસ ધ્યાને લઈ આરોપીઓને વધુ સજા ન કરતા માત્ર દંડની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હીરાચંદજી ઠાકોર ૨૦૦૫(૧)

જી.એલ.આર.પાના નં.૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**– આખરી હુકમ –**

આરોપીઓને બોનસ ચુકવણી અધિનિયમ,૧૯૬૫ ની કલમ–૨૭(૪) ના ઉલ્લંઘન બદલ તકસીરવાર ઠરાવી દરેક આરોપીને **રૂ.૧,૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા)**નો દંડ ભરવા અને જો દંડ ન ભરે તો તેના કસુર બદલ દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ મુજબ સદર કામે **રૂ.૨,૦૦૦/–(અંકે રૂપિયા બે હજાર પુરા)** વસુલ મેળવવા.

આ હુકમ આજરોજ તા.૧૪ મી,માહે–માર્ચ,સને–૨૦૨૬ના રોજ લોકઅદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬
સ્થળઃ સુરત

**(હિતેન્દ્ર કરશનભાઇ મેરીયા)**
એડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રીટ
મજુર અદાલત નં.૨,સુરત
CODE NO.GJ01279